## ચોવિહારનો સમય જાણવા બંધાયું હતું રાજાબાઈ ટાવર



મુંબઈ હાઈ કોર્ટ, યુનિવર્સિટીના જાજરમાન વિસ્તારમાં પ્રવેશીએ એટલે રાજાબાઈ ટાવર પર અચૂક નજર જાય જ. આ રાજાબાઈ ટાવરનું નિર્માણ ખબર છે શેના માટે થયું હતું? થોડી વિસ્તારથી વાત કરીએ તો બ્રિટિશ આર્કિટેક્ટ સર જ્યોર્જ ગિલ્બર્ટ સ્કોટ દ્વારા ડિઝાઈન કરાયેલા આ ટાવરનો તમામ ખર્ચ એક જૈન વેપારીએ કર્યો હતો. એ સમયે પ્રેમચંદ રોયચંદ એટલે મુંબઈનું ખૂબ જાણીતું નામ. તેમનાં માતા રાજાબાઈ પ્રજ્ઞાચક્ષુ હતાં. જૈન ધર્મ પ્રમાણે દરરોજ સાંજે સૂર્યાસ્ત પહેલાં ચોવિહાર કરવાનો હોય. ટાવરમાં કેટલા વાગ્યાના ડંકા વાગે તો રાજાબાઈ કોઈનીય મદદ વિના જાતે જ ચોવિહાર કરી શકે એવા હેતુથી એમના દીકરા પ્રેમચંદ રોયચંદે ટાવરનો તમામ ખર્ચ પોતે કરવાનું નક્કી કર્યું. પહેલી માર્ચ, ૧૮૬૯માં ટાવરનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. આશરે રૂ. બે લાખના ખર્ચે વર્ષ ૧૮૭૮માં ટાવર તૈયાર થયું હતું. ૨૮૦ ફૂટ ઊંચા આ ટાવરમાં પીળાશ પડતા કુર્લા સ્ટોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## શહેરની સૌથી પહેલી હોટેલ જોઈ છે?



શહેરની સૌથી પહેલી હોટેલનું માન લઈ જાય છે વૉટસન હોટેલ. યસ, કાલા ઘોડા પાસે ઊભા રહો અને સામે જ એકદમ બોક્સ જેવું દેખાતું એસ્પ્લૅનેડ મેન્શન એટલે જ આ શહેરની પહેલવહેલી વૉટસન હોટેલ. લોખંડના સળિયા પર આજે પણ ટકી રહી હોય એવી દેશની આ એકમાત્ર ઈમારત છે. આ ઈમારતના બાંધકામની ઈન્ટરેસ્ટિંગ વાત એ છે કે તેનું માળખું ઈંગ્લેન્ડમાં તૈયાર કરાયું છે અને ભારતમાં સાઈટ પર માત્ર એ માળખાને ગોઠવવામાં આવ્યું છે. વર્ષ ૧૮૬૦થી ત્રણ વર્ષ સુધી જહૉન વૉટસન આ ઈમારતના બાંધકામ માટે બંને દેશ વચ્ચે સતત અવરજવર કરતા રહ્યા. ૨૬મી ઓગસ્ટ ૧૮૬૭ના રોજ તેમણે ૯૯૯ વર્ષ માટે આ હોટેલ અબ્દુલ હકને ભાડે આપી દીધી અને એ પણ માત્ર વાર્ષિક ૯૨ રૂપિયા ને ૧૨ આનાના ભાડા પર. જોકે બહુ લાંબું ખેંચી શકાયું નહીં ને વર્ષ ૧૯૬૦માં આ હોટેલ બંધ પડી ગઈ. અત્યારે આ ઈમારતનો રેસિડેન્શિયલ અને કમર્શિયલ ઉપયોગ કરવામાં આવે છે. કાલા ઘોડા પાસેથી પસાર થાઓ ત્યારે આ હોટેલના ભવ્ય ભૂતકાળને સંભારજો હોં!

**ચાલો ફરવા**

દર્શના વિસરીયા darshna.vasariya@bombaysamachar.com



# દોડધામભર્યા જીવનમાં અધ્યાત્મ અને શાંતિનું સરનામું: પેગોડા

**મુંબઈગરાનું જીવન આમ તો ઘડિયાળના કાંટે એટલે કે ડેડલાઈન પર જ દોડતું હોય છે અને આવામાં થોડો સમય કાઢીને જો શાંતિથી આત્મચિંતન કરવું હોય તો પહોંચી જાઓ ગોરાઈના પેગોડામાં...**

**મુંબઈમાં** છેલ્લાં કેટલાંક વર્ષમાં જોવાલાયક સ્થળોની યાદીમાં બે નવાં નામ ઉમેરાયાં છે એક તો બાંદ્રા-વરલી સી લિન્ક અને બીજું ગ્લોબલ વિપશ્યના પેગોડા અને બંને સ્થળો વચ્ચે એક સમાન વિશેષતા એ કે બંને સ્થળ ૨૦૦૯માં જ લોકો માટે ખુલ્લાં મુકાયાં હતાં. ૮મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ પ્રતિભા પાટીલના હસ્તે આ પેગોડાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ભારતની પુરાતન સાધનાપદ્ધતિ એટલે વિપશ્યના. આજથી ૨,૫૦૦ વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધે આ સાધનાપદ્ધતિનું પુનઃસ્થાપન કર્યું હતું. પરંતુ ગૌતમ બુદ્ધના નિર્વાણનાં ૫૦૦ વર્ષ બાદ ભારતમાંથી લુપ્ત થઈ ગઈ હતી અને એકમાત્ર મ્યાનમાર એટલે કે બર્મામાં વિપશ્યના એના શુદ્ધ સ્વરૂપે જળવાઈ રહી છે. આચાર્ય શ્રી સત્યનારાયણ ગોએન્કાએ પોતાના ગુરુ આચાર્ય સયાજી ઉ'બા ખિન પાસેથી આ અંગેનું જ્ઞાન મેળવ્યું હતું અને તેમના આદેશનું પાલન કરતાં ૧૯૬૯માં વિપશ્યનાને ફરી પાછી ભારતમાં લઈ આવ્યા હતા. ભારતની આ પુરાતન સાધનાપદ્ધતિ બર્મામાં જળવાઈ રહી અને પોતાના ઘરે એટલે કે ભારત પાછી ફરી તેનું ઋણ અદા કરવાનું હોય તેમ બર્મામાં છે એવો પેગોડા એટલે કે સ્તૂપ ભારતની આર્થિક રાજધાની ગણાતા મુંબઈના બોરીવલી ખાતે ઊભો કરવામાં આવ્યો છે.બોરીવલી વેસ્ટમાં ઊતરીને ગોરાઈ ખાડી પાસે પહોંચો એટલે ડાબી તરફ દેખાતા સોનેરી ભવ્ય સ્તૂપને જોઈને તમારી આંખોમાં કુતૂહલ અને આશ્ચર્ય બંને ડોકાવા લાગે છે. એસેલવર્લ્ડની નજીક આવેલો આ સ્તૂપ એટલે જ ગ્લોબલ વિપશ્યના પેગોડા. નિસર્ગના સાંનિધ્યમાં આવેલા આ પેગોડાની મુલાકાત લેવી એટલે જ આધ્યાત્મિક અને માનસિક દૃષ્ટિએ જાતને રિચાર્જ કરવી. રિચાર્જ થવાની સાથે સાથે આ પેગોડાનું બાંધકામ અને તેની વ્યવસ્થા જોઈને તમે ચોક્કસપણે આશ્ચર્યમાં ગરક થઈ જશો.

આ ગ્લોબલ વિપશ્યના પેગોડાએ વૈશ્વિક નકશા પર તો માનવંતું સ્થાન મેળવ્યું જ છે, પરંતુ સાથે સાથે આધ્યાત્મિક ઉન્નતિના સ્થળ તરીકે પણ વિશ્વમાં પ્રસિદ્ધિ મેળવી રહ્યું છે. ભારતની પ્રાચીન વાસ્તુરચનાશાસ્ત્ર અને અત્યાધુનિક બાંધણી તંત્રજ્ઞાનનું મિશ્રરૂપ સમાન આ પેગોડા વાસ્તુશિલ્પનો એક આદર્શ નમૂનો છે.

મ્યાનમારમાં આવેલા 'શ્વે ડેગન' પેગોડાની પ્રતિકૃતિ એટલે જ બોરીવલીનો ગ્લોબલ વિપશ્યના પેગોડા. જોકે ફરક માત્ર એટલો છે કે મ્યાનમારમાં આવેલો 'શ્વે ડેગન' પેગોડા ૩૩૦ ફૂટ ઊંચો છે જ્યારે મુંબઈમાં આવેલો પેગોડા ૩૨૫ ફૂટ એટલે કે આશરે ૩૦ માળની ઈમારત જેટલો ઊંચો છે.

૨૮૦ ફૂટ વ્યાસ ધરાવતો આ પેગોડા એક પિલર કે સ્તંભનો આધાર કે લોખંડને ઉપયોગમાં લીધા વિના બનાવવામાં આવેલો આ સૌથી પહેલો અને મોટો ગુંબજ છે.

પથ્થરથી બનાવવામાં આવેલો આ ગુંબજ બીજાપુરના ઈતિહાસમાં પ્રસિદ્ધ એવા ગોળ ગુંબજ કરતાં ત્રણ ગણો મોટો છે અને ૬,૫૦૦ સ્ક્વેરફીટના આ ગોળ ગુંબજમાં એકસાથે ૮,૦૦૦ લોકો બેસીને ધ્યાનસાધના કરી શકે છે. આ પેગોડામાં પથ્થરોને ઈન્ટરલોકિંગ સિસ્ટમથી બેસાડવામાં આવ્યા છે, જેમાં સિમેન્ટ, કોંક્રીટ કે સ્ટીલનો ઉપયોગ નથી કરવામાં આવ્યો. આ ગુંબજની શોભામાં વધારો કરવા આકાશને આંબતા હોવાનો અહેસાસ કરાવતો એક મિનારો બાંધવામાં આવ્યો છે જેના માટે ૨૫ લાખ ટન જોધપુરી પથ્થરનો ઉપયોગ

(જુઓ પાનું ૯) ▶▶


## કઈ રીતે પહોંચશો પેગોડા?

બોરીવલી વેસ્ટમાં ઊતર્યા બાદ બેસ્ટની બસ કે શેરે રિક્ષા દ્વારા ગોરાઈ ખાડી પહોંચ્યા બાદ એસેલવર્ડ જતી લોન્ચ સર્વિસથી તમે પેગોડા પહોંચી શકશો. આવી જ રીતે તમે મલાડથી પણ પ્રવાસ કરી શકો છો. મઢથી પણ લોન્ચ દ્વારા પ્રવાસ કરી શકાય છે. ઉપરાંત ભાયંદરથી એસેલ વર્લ્ડ જતી બસથી પણ પેગોડા ખાતે પહોંચી શકો છો.

## પેગોડા (ત્રીજા પાનાનું ચાલુ)



ભગવાન બુદ્ધનાં જીવનચિત્રો દર્શાવતી આર્ટ ગેલેરી



પેગોડાની અંદર ધર્મચક્ર ધરાવતી છત અને ૮,૦૦૦ લોકો બેસી શકે એવો વિશાળ ધ્યાનકક્ષ

કરવામાં આવ્યો છે. સ્તૂપની ઉપરની છતની મધ્યમાં એક ધર્મચક્ર આવેલું છે, જેમાં ગૌતમ બુદ્ધનાં અસ્થિ મૂકવામાં આવ્યાં છે.

આ પેગોડાના નિર્માણ માટે આશરે ૧૧ વર્ષનો સમય લાગ્યો હતો અને પેગોડાના દરવાજા માટે વાપરવામાં આવેલા બર્મા ટીકવુડ પર ગૌતમ બુદ્ધનાં જીવનચિત્રો કોતરવામાં આવ્યાં છે. આ ઉપરાંત આ પેગોડામાં એક આર્ટ ગેલેરી પણ બનાવવામાં આવી છે, જેમાં ગૌતમ બુદ્ધના જીવન પર આધારિત સચોટ અને ભવ્ય ચિત્રો મૂકવામાં આવ્યાં છે.

પેગોડાની ટોચની શોભા બ્રિટનથી મગાવવામાં આવેલો મોટો ક્રિસ્ટલ શોભાવી રહ્યો છે અને તેના પર મૂકેલા છત્રની ઘંટડીઓનો રણકાર ધ્યાનકક્ષમાં બેઠાં બેઠાં તમને આહ્‌લાદકતાનો અનુભવ કરાવે છે.

પ્રમુખ પેગોડાની ઉત્તરમાં એક ૯૦ ફૂટનો નાનો પેગોડા બનાવવામાં આવ્યો છે. પેગોડા માટે એસેલવર્લ્ડ દ્વારા જમીન અપાઈ છે. જમીનની કિંમતને બાદ કરતાં પેગોડા પર રૂ. ૮૦ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. પેગોડાના પરિસરમાં કોન્ફરન્સ રૂમ, સભાગૃહ, ઓડિયો વિઝ્યુઅલ ગેલેરી અને બગીચાનો સમાવેશ થાય છે.

વિનોબા ભાવેએ એવું કહ્યું હતું કે હવે જમાનો ધર્મ અને રાજકારણનો નહીં પણ વિજ્ઞાન અને અધ્યાત્મનો છે.

વિપશ્યનામાં અધ્યાત્મ અને વિજ્ઞાન બંનેનો સમન્વય છે. પેગોડાની ઊડતી મુલાકાત લેનારાઓ માટે કોઈ પણ જાતની ફી નથી લેવામાં આવતી. પેગોડા જોવા જાઓ તો ચાર-પાંચ કલાક તો સહેજે પસાર થઈ જાય અને કંઈક સારું જોયાનો મનને અહેસાસ થાય.

ટૂંકમાં વિપશ્યના એટલે કામ, ક્રોધ, લોભ, મોહ અને ભયથી મુક્ત થવાની મનશુદ્ધિની સાયન્ટિફિક સાધના. ગીતકાર ગુલઝારે ગૌતમ બુદ્ધને અનુલક્ષીને એક પંક્તિ લખી હતી કે,

*‘ચલ દરિયા બાંધ લે પૈરોં મેં,*
*ઔર સાગરસંગમ જાયેં,*
*ચલ સનસેટ કે રંગ પહને તન*
*પે બુદ્ધમ્ શરણમ્ ગાયેં...’* ■

## બધું એક જ જગ્યાએ (આઠમા પાનાનું ચાલુ)

પલળવાનો રોમાંચ અલગ જ છે, પરંતુ આ ધોધ સુધી પહોંચવાની યાત્રા પણ એટલી જ રોમાંચક છે. ગાઢ જંગલમાંથી પસાર થઈને અહીં પહોંચવું પડે છે અને કેટલીક વખત દીપડાનો સામનો પણ થઈ શકે છે. આ ધોધનો આનંદ વર્ષના ૧૦ મહિના સુધી માણી શકાય છે, પરંતુ ચોમાસામાં અહીં આવવું અત્યંત જોખમી હોય છે. ખાસ કરીને ભારે વરસાદમાં પાણીનું વહેણ જોશમાં હોય છે અને આસપાસની માટી અત્યંત ચીકણી ત્યારે લપસી પડવાના બનાવ અત્યંત સામાન્ય છે. બીજું વરસાદમાં સાપ નાગ વગેરે બહાર આવતા હોવાથી પણ જોખમ હોય છે. બીજું ધોધ જ્યાં નીચે પડે છે તે તળાવ પણ આઠ ફૂટ જેટલું ઊંડું હોવાથી જેમને તરતાં ન આવડતું હોય તેમણે પાણીમાં કૂદકા મારવા નહીં. ચિંચોટી જતી વખતે સારા જૂતાં, રેઈન જેકેટ, દોરડું, ટોર્ચ જેવી વસ્તુઓ રાખવાની ખાસ સલાહ આપવામાં આવે છે. અહીં ચોમાસામાં તણાઈ જવાના અનેક કિસ્સા બને છે.

**કેવી રીતે જવાય?**

નાયગાંવ રેલવે સ્ટેશન પર ઊતરીને રિક્ષા સ્ટેન્ડથી ચિંચોટી નાકા અથવા ચિંચોટી ધોધની રિક્ષા મળશે.

મુંબઈ -અમદાવાદ હાઈવે પર કામણગામ પાસે ઊતરીને ચાલતા જઈ શકાય

### વસઈનો કિલ્લો

ગુજરાતના સૂબા બહાદુર શાહે વસઈનો કિલ્લો બનાવ્યો હતો અને ત્યાર બાદ પોર્ટુગીઝોએ આ કિલ્લાને અત્યારનું સ્વરૂપ આપ્યું હતું. ત્રણ તરફથી સમુદ્રથી ઘેરાયેલા વસઈને પોર્ટુગીઝોએ આ કિલ્લા દ્વારા સુરક્ષિત બનાવ્યું હતું. પૂરા ૨૦૫ વર્ષ બાદ મરાઠાઓએ મહિનાઓ સુધી પોર્ટુગીઝોને લડત આપીને ૧૭૩૯માં વસઈના કિલ્લા પર વિજય મેળવ્યો હતો અને વજ્રેશ્વરી દેવીની સ્થાપના કરી હતી. આ કિલ્લામાં મરાઠાઓના વિજયની યાદમાં છત્રપતિ શિવાજીનું નહીં, મરાઠા સરદાર ચિમાજી આપ્પાનું અશ્વારૂઢ પૂતળું છે. જોકે આટલું ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું હોવા છતાં મરાઠા શાસકોએ આ કિલ્લા અને વસઈ પ્રત્યે દુર્લક્ષ કર્યું હતું, વાસ્તવમાં વસઈમાં પોર્ટુગીઝો દ્વારા જે ધર્માંતરણની ઝુંબેશ ચલાવવામાં આવી હતી તેને રોકવા માટે જ મરાઠાઓ દ્વારા વસઈ પર આક્રમણ કરવામાં આવ્યું હતું, પરંતુ એક વખત વસઈ પર વિજય મળ્યા બાદ તેમને અહીં રહેવામાં રસ નહોતો. કેમ કે તેમને એવો ડર હતો કે પોર્ટુગીઝો દ્વારા જે ખ્રિસ્તીકરણ કરવામાં આવ્યું હતું તેનાથી તેમનો પણ ધર્મ ભ્રષ્ટ થઈ જશે. ત્યારથી દુર્લક્ષિત વસઈનો કિલ્લો અત્યારે દેશના આર્કિયોલોજી



તુંગારેશ્વરનો ધોધ

ડિપાર્ટમેન્ટના હાથમાં ગયા બાદ પણ દુર્લક્ષિત જ છે.

**કેવી રીતે જવાય?**

વસઈ રેલવે સ્ટેશનથી એસટીની બસ અને ઓટોરિક્ષામાં જઈ શકાય

આ ઉપરાંત વસઈ તાલુકામાં સુરુ-ચી બીચ જેટલા જ પ્રખ્યાત બીજા સમુદ્ર કિનારાઓ પણ છે, જેની મજા એક વખત તો લેવી જ જોઈએ, જેમાં સૌથી પહેલાં આવે કળંબ બીચ, ત્યાર બાદ કલિંગર માટે પ્રખ્યાત રાણગાંવનો દરિયા કિનારો, બંને જગ્યાએ જવા માટે વસઈ રેલવે સ્ટેશન પાસેના એસટી સ્ટેન્ડ પરથી બસ મળે છે. વિરાર રેલવે સ્ટેશનથી અર્નાળા બીચ જઈ શકા છે અને અહીં જ બીજી એક જોવા જેવી વસ્તુ છે અર્નાળાનો કિલ્લો. અર્નાળા જતાં રસ્તામાં જ અગાશી ગામ આવે છે જ્યાં જૈનોનું જાણીતું દેરાસર આવેલું છે. આ ઉપરાંત નાલાસોપારાના સોપારા ગામમા ઐતિહાસિક બૌદ્ધ સ્તૂપ આવેલા છે. આ બૌદ્ધ સ્તુપમાં બુદ્ધનું ભિક્ષાપાત્ર રાખવામાં આવ્યું છે. આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા વસઈ તાલુકામાં જે ચારેક સાઈટનું જતન કરે છે તેમાં એક આ બૌદ્ધ સ્તૂપ પણ છે જેનું નૂતનીકરણ સમ્રાટ અશોક દ્વારા કરવામાં આવ્યું હતું. નાલાસોપારામાં જ ઐતિહાસિક ચક્રેશ્વર મહાદેવનું મંદિર છે. પાંડવોએ આ મંદિરમાં પૂજા કરી હોવાનું માનવામાં આવે છે આ મંદિરને લાગીને આવેલા ચક્રેશ્વર તળાવનું તાજેતરમાં જ નૂતનીકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વસઈના પ્રખ્યાત સાતીવલી અને વજ્રેશ્વરીમાં આવેલા ગરમ પાણીના કુંડ જેવા ફરવાનાં અનેક સ્થળો છે. ■

## આક્સા (ચોથા પાનાનું ચાલુ)

### માર્વે

આક્સાની એક તરફ માર્વે બીચ છે તો વચ્ચે ભારતીય નૌકાદળના અવિભાજ્ય અંગ આઈએનએસ હમલાનો પ્રતિબંધિત વિસ્તાર છે. માર્વેના એક કિલોમીટરના દરિયાકિનારા પર એકેય લાઈફ ગાર્ડ તહેનાત નથી.

ખરેખર તો ત્યાં કોઈ પાણીમાં તરવા ઊતરતું નથી અને આક્સાની જેમ એ વિસ્તાર એકદમ જોખમી નથી. માર્વેથી એસ્સેલ વર્લ્ડ અને મનોરી ફેરી સર્વિસ ચાલે છે. એ સિવાય ગણેશવિસર્જ પણ માર્વેમાં જ કરવામાં આવે.

### મઢ આઈલૅન્ડ

મઢ આઈલૅન્ડને એક કિલોમીટરથી ઓછો દરિયાકિનારો લાગે છે ખરો, પણ ત્યાં ફરવા જનારાઓની સંખ્યા એકદમ જૂજ છે. ૯૦ ટકા કોળીઓની વસતિ હોવાથી તેમનો મુખ્ય વ્યવસાય માછીમારીનો છે.

માછીમારીને લગતા વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પણ અહીં આવીને વસી ગયા છે. જગ્યાની અલગથી વ્યવસ્થા ન હોવાથી ગામવાસીઓ દરિયાકિનારા નજીક ઠેકઠેકાણે માછલી સૂકવતા હોય છે, જેને કારણે માછલીની સતત વાસ આવતી હોવાથી શાકાહારી લોકો ત્યાં જવાનું ટાળે છે.

માછીમારી સહિત ગામવાસીઓ માટે આવકનું અન્ય એક સાધન છે મઢ જેટીથી વર્સોવા સુધીની ફેરી સર્વિસ. આ માટે પાલિકા દ્વારા ફેરી સર્વિસ ચલાવનારાઓને લાઈસન્સ આપવામાં આવ્યાં હોવાનું એક પોલીસ અધિકારી કહે છે.

આક્સા બાદ સહેલાણીઓ તેને અડીને આવેલા દાનાપાની બીચ પાસે વધુ જોવા મળે. દાનાપાનીથી મઢ જવાના માર્ગ પર અનેક બંગલા આવેલા છે, જેમાંથી કેટલાક તો અંગ્રેજોના જમાનાના હોવાનું કહેવાય છે.

આ બંગલાઓમાં મોટે ભાગે ફિલ્મ અને સિરિયલનાં શૂટિંગ ચાલતાં હોય છે. દરિયામાં દૂર સુધી નજર રાખી શકાય એ માટે વૉચ ટાવર તરીકે પાર્ટુગીઝોએ મઢમાં ૧૭મી સદીમાં કિલ્લો બાંધ્યો હતો, જેને વર્સોવા ફોર્ટ પણ કહેવાતો. ત્યાં શંકર ભગવાનનું મંદિર હોવાથી કિલ્લાને ગામવાસીઓ કિલ્લેશ્વર પણ કહેતા.

જોકે એ તરફનો કેટલોક વિસ્તાર ડિફેન્સના અંતર્ગત હોવાથી સામાન્ય લોકોને ત્યાં જવાની મનાઈ છે.

### મનોરી

પિકનિક સ્પોટ તરીકે મોટા ભાગના લોકો મનોરી પર ઘણી પસંદગી ઉતારે છે.

ધારાવી બેટ પર આવેલા મનોરી ગાંવને છેડે મનોરી બીચ ફરવા આવનારાઓથી હંમેશાં ઊભરાતો જોવા મળે. એવું કહેવાય છે કે મિની ગોવા જેવો અનુભવ અહીં થાય.

વળી, ભાયંદરના ઉત્તન, બોરીવલીના ગોરાઈ તેમ જ એસ્સેલ વર્લ્ડ જવાનો માર્ગ પણ મનોરીથી છે. યુગલોમાં લોકપ્રિય એવા મનોરીમાં હોટેલ અને કોટેજીસની કોઈ કમી નથી.

સુંદર દરિયાકાંઠે ખાવા-પીવાની દરેક વસ્તુ સહેલાઈથી મળી રહે. મનોરીના ગગનગિરિ મહારાજ આશ્રમમાં પણ ભક્તોની અવરજવર ચાલતી જ રહે છે. ■